# વિલંબનું નિવેદન

**રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ કરેલ જાહેરનામા/નિયમો વિધાનસભા ગૃહના મેજ પર મુકવા માટે થયેલ વિલંબના કારણો.**

રાજયમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ નો અમલ તા.૧/૪/૧૬ થી કરવામાં આવેલ છે. ઉકત કાયદા હેઠળ જુદા-જુદા જાહેરનામા અને નિયમો બનાવવાના થાય છે. જે અન્વયે તા.૬/૮/૧૮, તા.૧૪/૯/૧૮ તથા તા.૨૪/૧૦/૧૮ ના જાહેરનામા અંગ્રેજીમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પરંતુ ગુજરાતી અનુવાદમાં વ્યતીત થયેલ સમયના કારણે ઉકત તા.૬/૮/૧૮, તા.૧૪/૯/૧૮ તથા તા.૨૪/૧૦/૧૮ ના અંગ્રેજી જાહેરનામા/નિયમોનો ગુજરાતીમાં અનુવાદ અનુક્રમે તા.૨૧/૧/૧૯, તા.૧૮/૯/૧૮ તથા તા.૨૦/૧૧/૧૮ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આમ, ઉપર દર્શાવેલ વહીવટી કારણોસર રાજયમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ પ્રસિધ્ધ કરેલ ઉકત જાહેરનામા/નિયમો ચૌદમી વિધાનસભાના બીજા સત્ર દરમ્યાન ગૃહના મેજ પર મુકવા માટે વિલંબ થયેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

Extra No. 87

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIX ] MONDAY, AUGUST 6, 2018/SRAVANA 15, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-A**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 6th August, 2018.

**National Food Security Act, 2013.**

**No. GTH/2018/20/PDS/102018/437/C-1:-** WHEREAS certain draft rules were published as required by clause (i) of sub-section (2) of section 40 read with sub-section (1) of section 28 of the National Food Security Act, 2013 (20 of 2013) at pages 42-1 to 42-4 in the Gujarat Government Gazette Extraordinary part IV-A dated 14th May, 2018, under the Government Notification Food, Civil Supplies And Consumer Affairs Department, No. GTH/2018/15/PDS/102017/437/C-1, inviting objections or suggestions from all persons likely to be affected thereby within a period of thirty days from the date of publication of this notification in the official Gazette.

NOW, WHEREAS, no objections or suggestions have been received from the public on the said draft rules;

NOW, THREFORE, In exercise of the powers conferred by clause (i) of sub-section (2) of section 40 read with sub-section (1) of section 28 of the National Food Security Act, 2013 (20 of 2013), the Government of Gujarat hereby makes the following rules, namely :-

1. **Short title and commencement.-**

(1) These rules may be called the Gujarat Social Audit (Fair Price Shops and Targeted Public Distribution System) Rules, 2018.

(2) They shall come into force on the date of their publication in the Official Gazette.

**2. Definitions.-**

(1) In these rules, unless the context otherwise requires,-

(a) "Act" means the National Food Security Act, 2013 (20 of 2013);

(b) "Commission" means the Gujarat State Food Commission;

(c) "Government" means the Government of Gujarat;

(d) "Gram Sabha" means gram sabha as defined under clause (33) of section 2 of the Gujarat Panchayats Act,1993;

(e) "Ordinary General Meetings of Municipality" means meetings as provided under section 51 of the Gujarat Municipalities Act,1963;

(f) "Section" means section of the Act;

(g) "Wards committee" means wards committee constituted under section 29A of the Gujarat Provincial Municipal Corporations Act,1949.

(2) Words and expressions used in these rules but not defined shall have the same meaning respectively assigned to them in the Act.

**3. Social Audit.-**

In order to ensure transparency in the implementation of Targeted Public Distribution System, the State Government shall make available all records to the general public. Following shall be the process for Social Audit:-

(1) A simple and common format/questionnaires shall be devised by Director, Food and Civil Supplies which shall be provided to all participants of the concerned Gram Sabha, Ordinary General Meetings of Municipality/Wards committee, as the case may be, so that people can opine their views/grievances/suggestions on the following parameters:-

(i) Public display of the entire list of eligible households under National Food Security Act,2013;

(ii) Updation in the list of beneficiaries;

(iii) Timely availability of adequate stock of food grains in the fair price shop;

(iv) Timely distribution of food grains by the concerned fair price shop dealer;

(v) Distribution of food grains to eligible households as per their entitlement under the Act;

(vi) Distribution of foodgrains to the eligible households at prices specified under the Act;

(vii) Regular and timely opening and closing of fair price shops;

(viii) Awareness about grievance redressal mechanism and their effectiveness in redressal of grievances;

(ix) Use of technology in beneficiaries authentication and proper targeting; and

(x) Any other parameters shall be included by the Collector as per the local situation of the City, Gram, Taluka, District levels.

(2) All records related to allotment, permit register, sale register, stock register, storage and distribution of essential commodities under the Targeted Public Distribution System at Fair Price Shops shall be placed at Gram Sabha, Ordinary General Meetings of Municipality or as the case may be, Wards committee held at least once in six months for social audit.

(3) In rural areas, documents of intervening period between the Gram Sabhas as specified in sub rule (2) above shall be placed in Gram Sabha by Fair Price Shop owner and Supply Inspector in-charge for social audit.

(4) After audit of documents at Gram Sabha, the report alongwith recommendation shall be submitted to village level vigilance committee for examination. Then village level vigilance committee shall submit its reports to Taluka level vigilance committee. After examination by Taluka level vigilance committee, recommendation shall be forwarded to District level vigilance committee for further necessary action.

(5) (a) In urban areas, the Municipal Corporation shall facilitate convening of meeting of Wards committee and in Municipalities, the urban local body shall facilitate convening of meeting of Ordinary General Meetings of Municipality with agenda for conduct of social audit on the date fixed.

(b) In the meeting convened as per above clause (a), documents of intervening period between the Ordinary General Meetings of Municipality, Wards Committee as specified in the sub rule (2) shall be placed in the Ordinary General Meetings of Municipality, Wards Committee as the case may be, by Fair Price Shop owners and designated Supply Officer/Supply Inspector in-charge of the social audit.

(6) After audit of documents at meeting of Ordinary General Meeting of Municipality, Wards Committee in urban areas, the report along with recommendation shall be submitted to the City level vigilance committee. After examination by the City level vigilance committee, recommendation shall be forwarded to District level vigilance committee for further necessary action.

(7) After compiling the social audit report of Fair Price Shops, necessary examination shall be made at district level and District Collector shall take further necessary action. Action taken on the social audit report shall be forwarded to Director, Food and Civil Supplies.

(8) Director, Food and Civil Supplies shall monitor and take actions on the social audit report and shall report to the Government and the Commission.

(9) The concerned District Collector shall publish the reports of the Social audit and action taken thereon, including placing the same on the PDS transparency portal.

4. The Director, Food and Civil Supplies shall devise online mechanism for social audit as early as possible.

By order and in the name of the Governor of Gujarat,

**NAYANA PATEL,**
Deputy Secretary to Government.

-------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

Extra No. 15

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. LX] MONDAY, JANUARY 21, 2019/MAGHA 1, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૯

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના તારીખ : ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૮** - ના જાહેરનામા ક્રમાંક : **(જીટીએચ-૨૦૧૮/૨૦/પીડીએસ/૧૦૨૦૧૮/૪૩૭/ક-૧** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**Notification**
***Regarding***
**The Gujarat Social Audit (Fair Price Shops and Targeted Public Distribution System) Rules, 2018.**
**ગુજરાત સામાજિક ઓડિટ (વાજબી ભાવની દુકાનો અને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા) બાબત નિયમો, ૨૦૧૮ સંબંધી**
**જાહેરનામું.**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,**
સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૮.

**રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩.**

**ક્રમાંક: જીટીએચ/ ૨૦૧૮/ ૨૦/પીડીએસ/ ૧૦૨૦૧૮/ ૪૩૭/ ક-૧ :-** રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૨૮ની પેટા-કલમ (૧) સાથે વાંચતાં, કલમ ૪૦ની પેટા-કલમ (૨)ના ખંડ (ટ)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીટીએચ/ ૨૦૧૮/ ૧૫/ પીડીએસ/ ૧૦૨૦૧૭/ ૪૩૭/ક-૧ હેઠળ તારીખ: ૧૪મી મે, ૨૦૧૮ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪-એ-માં, પાના ૪૨-૧ થી ૪૨-૪-માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં, લોકો પાસેથી કોઇ વાંધા અથવા સૂચનો મળેલ નથી;

તેથી, હવે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૨૮ની પેટા-કલમ (૧) સાથે વાંચતાં, કલમ ૪૦ની પેટા-કલમ (૨)ના ખંડ(ટ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.-** (૧) આ નિયમો ગુજરાત સામાજિક ઓડિટ (વાજબી ભાવની દુકાનો અને લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા) બાબત નિયમો, ૨૦૧૮ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં, તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા.-**(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "અધિનિયમ" એટલે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩નો ૨૦મો);

(ખ) "આયોગ" એટલે ગુજરાત રાજ્ય અન્ન આયોગ;

(ગ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(ઘ) "ગ્રામ સભા" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨-ના ખંડ (૩૩) હેઠળ વ્યાખ્યાયિત ગ્રામ સભા;

(ચ) "નગરપાલિકાની સાધારણ સામાન્ય સભા" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૫૧ હેઠળ જોગવાઇ કરેલ સભાઓ;

(છ) "કલમ" એટલે અધિનિયમની કલમ;

(જ) "વૉર્ડ સમિતિ" એટલે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૨૯-ક હેઠળ રચાયેલી વૉર્ડ સમિતિ;

(૨) આ નિયમોમાં વપરાયેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ આપવામાં આવ્યો હોય તે જ થશે.

**૩. સામાજિક ઓડિટ.–**

લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાના અમલીકરણમાં પારદર્શિતાને સુનિશ્ચિત કરવા માટે, રાજ્ય સરકાર તમામ રેકોર્ડ સામાન્ય લોકોને ઉપલબ્ધ કરાવશે. સામાજિક ઓડિટની પ્રક્રિયા નીચે મુજબ રહેશે:–

(૧) ડિરેક્ટર (નિયામક), અન્ન અને નાગરિક પુરવઠા દ્વારા એક સરળ અને સામાન્ય પુસ્તક/ પ્રશ્નાવલી બનાવવામાં આવશે, જે સંબંધિત ગ્રામ સભા, યથાપ્રસંગ, નગરપાલિકા/ વોર્ડ સમિતિની સાધારણ સામાન્ય સભાના તમામ સહભાગીઓને પૂરી પાડવામાં આવશે, જેથી, લોકો નીચેના પારમિતિઓ પર પોતાના અભિપ્રાયો/ ફરિયાદો/ સૂચનો આપી શકે:–

(૧) રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતા પરિવારોની સમગ્ર યાદીનું જાહેર પ્રદર્શન;

(૨) લાભાર્થીઓની યાદી અદ્યતન કરવી;

(૩) વાજબી ભાવની દુકાનોમાં અનાજની પર્યાપ્ત માત્રાની સમયસર ઉપલભ્યતા;

(૪) સંબંધિત વાજબી ભાવની દુકાનના વેપારી દ્વારા અનાજનું સમયસર વિતરણ;

(૫) અધિનિયમ હેઠળ પાત્ર પરિવારોના હક મુજબ અનાજનું વિતરણ;

(૬) અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરેલ કિંમત પર પાત્રતા ધરાવતા પરિવારોને અનાજનું વિતરણ;

(૭) વાજબી ભાવની દુકાન નિયમિત અને સમયસર ખોલવી અને બંધ કરવી;

(૮) ફરિયાદ નિવારણ તંત્ર વિશે જાગરૂકતા અને ફરિયાદોના નિવારણમાં તેમની અસરકારકતા;

(૯) લાભાર્થીઓના પ્રમાણભૂતતા અને યોગ્ય લક્ષ્યીકરણમાં તકનીકનો ઉપયોગ.

(૧૦) અન્ય કોઈપણ પારમિતિઓ, કલેક્ટર દ્વારા શહેર, ગ્રામ, તાલુકા, જીલ્લા સ્તરોની સ્થાનિક પરિસ્થિતિ મુજબ સમાવવામાં આવશે.

(૨) વાજબી ભાવની દુકાનો પર લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ફાળવણી, પરમિટ રજિસ્ટર, વેચાણ રજિસ્ટર,સ્ટોક રજિસ્ટર, આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહ અને વિતરણ સંબંધિત તમામ રેકોર્ડ, ગ્રામ સભા, નગરપાલિકાની સાધારણ સામાન્ય સભા અથવા યથાપ્રસંગ,છ મહિનામાં ઓછામાં ઓછા એક વાર યોજાયેલી વોર્ડ સમિતિમાં સામાજિક ઓડિટ માટે મૂકવામાં આવશે.

(૩) ગ્રામીણ વિસ્તારમાં, ઉપર પેટા–નિયમ (૨) માં નિર્દિષ્ટ કર્યા મુજબ ગ્રામસભાઓ વચ્ચે મધ્યવર્તી મુદતના દસ્તાવેજો વાજબી ભાવની દુકાનના માલિક અને સામાજિક ઓડિટ(તપાસ) માટેનો હવાલો ધરાવતા પુરવઠા નિરીક્ષક દ્વારા, ગ્રામ સભામાં મૂકવા જોઇશે.

(૪) ગ્રામ સભા ખાતે દસ્તાવેજોનું ઓડિટ(તપાસ) થયા પછી, ભલામણ સાથેનો અહેવાલ, ગ્રામીણ કક્ષાની તકેદારી સમિતિને તપાસ માટે રજૂ કરવામાં આવશે. ત્યારપછી ગ્રામીણ કક્ષાની તકેદારી સમિતિ તેનો અહેવાલ તાલુકા કક્ષાની તકેદારી સમિતિને રજૂ કરશે. તાલુકા કક્ષાની તકેદારી સમિતિના તપાસ પછી, વધુ જરૂરી કાર્યવાહી માટે જિલ્લા કક્ષાની તકેદારી સમિતિની ભલામણ મોકલશે.

(૫) (ક) શહેરી વિસ્તારમાં, નિયત તારીખે સામાજિક ઓડિટ(તપાસ) કરવા માટેના એજન્ડા સાથે, મ્યુનિસિપલ કોર્પોરેશન વોર્ડ સમિતિની મિટિંગ બોલાવવાની સુવિધા કરશે અને શહેરી સ્થાનિક સંસ્થા, મ્યુનિસિપાલિટી(નગરપાલિકા)ની સાધારણ જનરલ મિટિંગ બોલાવવાની સુવિધા કરશે.

(ખ) ઉપરના ખંડ (ક) મુજબ બોલાવેલી મિટિંગમાં, પેટા–નિયમ (૨) માં નિર્દિષ્ટ કર્યા મુજબ મ્યુનિસિપાલિટી, વોર્ડ સમિતિની સાધારણ જનરલ મિટિંગો વચ્ચેની મધ્યવર્તી મુદતના દસ્તાવેજો, વાજબી ભાવની દુકાનના માલિકો અને સામાજિક ઓડિટ(તપાસ)નો હવાલો ધરાવતા મુકરર પુરવઠા અધિકારી/પુરવઠા નિરીક્ષક દ્વારા, મ્યુનિસિપાલિટી, યથાપ્રસંગ, વોર્ડ સમિતિની સાધારણ જનરલ મિટિંગોમાં મૂકવા જોઇશે.

(૬) શહેરી વિસ્તારમાં મ્યુનિસિપાલિટી, વોર્ડ સમિતિની સાધારણ જનરલ મિટિંગની મિટિંગ(બેઠક) ખાતે દસ્તાવેજોનું ઓડિટ(તપાસ) થયા પછી, ભલામણ સાથેનો અહેવાલ, સિટી કક્ષાની તકેદારી સમિતિને તપાસ માટે રજૂ કરવામાં આવશે. સિટી કક્ષાની તકેદારી સમિતિની તપાસ પછી, વધુ જરૂરી કાર્યવાહી માટે જિલ્લા કક્ષાની તકેદારી સમિતિને ભલામણ મોકલશે.

(૭) વાજબી ભાવની દુકાનોના સામાજિક તપાસ અહેવાલના સંકલન પછી, જિલ્લા કક્ષાએ જરૂરી તપાસ કરવી જોઇશે અને જિલ્લા કલેક્ટર વધુ જરૂરી પગલાં લેશે. સામાજિક ઓડિટ(તપાસ) અહેવાલ પર લીધેલ પગલાંને નિયામક, અન્ન અને નાગરિક પુરવઠાને મોકલવામાં આવશે.

(૮) નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ઓડિટ(તપાસ) અહેવાલ પર દેખરેખ રાખશે અને પગલાં લેશે અને સરકાર અને કમિશનને અહેવાલ કરશે.

(૯) સંબંધિત જિલ્લા કલેક્ટર, સામાજિક ઓડિટ(તપાસ)ના અને તેના પર લીધેલ પગલાંના અહેવાલોને પીડીએસ(જાહેર વિતરણ વ્યવસ્થા) પારદર્શિતા પોર્ટલ પર મૂકવા સહિત, પ્રસિદ્ધ કરશે.

૪. નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા, બનતી ત્વરાએ સામાજિક ઓડિટ(તપાસ) માટે ઓનલાઇન મિકેનિઝમ (યંત્રરચના)ની યોજના કરશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**નયના પટેલ,**
સરકારના નાયબ સચિવ.

--------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 103

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LIX ] FRIDAY, SEPTEMBER 14, 2018/BHADRA 23, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

## FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT

## NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 14th September, 2018.

**NATIONAL FOOD SECURITY ACT, 2013.**

**No. GTH/2018/25/PDS/102018/175/C-1** :- WHEREAS in exercise of the powers conferred by sub-section (3) of section 16 of the National Food Security Act, 2013 (20 of 2013) (hereinafter referred to as the "said Act"), Smt. Sangeeta Singh, I.A.S. Additional Chief Secretary was given additional charge of the Chairperson of the State Food Commission vide Government Notification, Food, Civil Supplies and Consumer Affairs Department No. GTH/2018/14/PDS/102018/175 /C-1, dated the 10th May, 2018 ;

AND WHEREAS Smt. Sangeeta Singh, I.A.S. Additional Chief Secretary has been transferred to General Administration Department vide Government Notification, General Administration Department Notification No.AIS/35.2018/24/G dated 12th July, 2018 ;

NOW THEREFORE, in exercise of the powers conferred by sub-section (3) of section 16 of the said Act, the Government of Gujarat hereby notifies that the charge of the Chairperson of the State Food Commission shall be held by Shri Kamal Dayani, I.A.S. Principal Secretary, Food, Civil Supplies and Consumer Affairs Department as additional charge.

By order and in the name of the Governor of Gujarat,

**KISHORKUMAR S. RANA,**
Under Secretary to Government.

-------------



GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

Extra No. 252

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LIX] TUESDAY, SEPTEMBER 18, 2018/BHADRA 27, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૮.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ-ના તારીખ : ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના સરકારી જાહેરનામા ક્રમાંક:જીટીએચ/૨૦૧૮/૨૫/પીડીએસ/૧૦૨૦૧૮/૧૭૫/સી.૧.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Under***

**The National Food Security Act, 2013.**

**રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩**

**હેઠળ**

**જાહેરનામું.**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૮.

**રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩.**

**ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૮/૨૫/પીડીએસ/૧૦૨૦૧૮/૧૭૫/સી-૧:** રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૬ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, શ્રીમતી સંગીતા સિંહ, આઇ.એ.એસ. અધિક મુખ્ય સચિવ-ને, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના તારીખ: ૧૦મી મે, ૨૦૧૮ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીટીએચ/૨૦૧૮/૧૪/પીડીએસ/ ૧૦૨૦૧૮/૧૭૫/સી-૧.થી, રાજ્ય અન્ન આયોગના અધ્યક્ષનો વધારાનો હવાલો આપવામાં આવ્યો હતો;

અને શ્રીમતી સંગીતા સિંહ, આઇ.એ.એસ. અધિક મુખ્ય સચિવ-ની, સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૧૨મી જુલાઇ, ૨૦૧૮ના સરકારી જાહેરનામા ક્રમાંક. એઆઇએસ/ ૩૫.૨૦૧૮/૨૪/જી-થી, સામાન્ય વહીવટ વિભાગમાં બદલી કરવામાં આવી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૧૬ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે શ્રી કમલ દયાની, આઇ.એ.એસ. અગ્ર સચિવ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, વધારાના હવાલા તરીકે રાજ્ય અન્ન આયોગના અધ્યક્ષનો હવાલો સંભાળશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**કિશોરકુમાર એસ. રાણા,**
સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 119

वार्षिक लवाजमनो दर रू. ४०००/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIX ] WEDNESDAY, OCTOBER 24, 2018/KARTIKA 2, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-A**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 24th October, 2018.

**NATIONAL FOOD SECURITY ACT, 2013.**

**No. GTH/2018/28/PDS/10.2016/221/C-1** :- WHEREAS certain draft rules were published as required by clause (f) of sub-section (2) of section 40 read with sub-section (5) of section 16 of the National Food Security Act, 2013 (20 of 2013), at pages 92-1 in the Gujarat Government Gazette Extraordinary part IV-A dated 18th August, 2018, under the Government Notification Food, Civil Supplies And Consumer Affairs Department, No. GTH/2018/22/PDS/10.2016/221/C-l, inviting objections or suggestions from all persons likely to be affected thereby within a period of thirty days from the date of publication of this notification in the official Gazette.

NOW, WHEREAS, no objections or suggestions have been received from the public on the said draft rules;

NOW, THREFORE, In exercise of the powers conferred by clause (f) of sub-section (2) of section 40 read with sub-section (5) of section 16 of the National Food Security Act, 2013 (20 of 2013), the Government of Gujarat hereby makes the following rules, namely :-

1. These rules may be called the Gujarat State Food Commission (Procedure for Appointment of Chairperson, Members and staff and conditions of service) (Amendment) Rules, 2018.

2. In the Gujarat State Food Commission (Procedure for Appointment of Chairperson, Members and staff and conditions of service) Rules, 2017, in rule 4, in sub-rule (1), in clause (b), for the word "Secretary", the words "Deputy Secretary" shall be substituted.

By order and in the name of the Governor of Gujarat,

**KISHORKUMAR S. RANA,**
Under Secretary to Government.

Extra No. 289

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LIX] TUESDAY, NOVEMBER 20, 2018/ KARTIKA 29, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી નવેમ્બર, ૨૦૧૮.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ-ના તારીખ: **૨૪મી ઓક્ટોબર, ૨૦૧૮**ના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીટીએચ/૨૦૧૮/૨૮/પીડીએસ/૧૦૨૦૧૮ ૨૦૧/ક.૧- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**

સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**Amendment to the Gujarat State Food Commission (Procedure for Appointment of Chairperson, Members and Staff and conditions of service) Rules, 2017.**

**ગુજરાત રાજ્ય અન્ન આયોગ (અધ્યક્ષ, સભ્યો અને સ્ટાફની નિમણૂક માટેની કાર્યરીતિ અને સેવાની શરતો) બાબત નિયમો, ૨૦૧૭ સુધારવા સંબંધી**

**જાહેરનામું.**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૮.

**રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩.**

**ક્રમાંક. જીટીએચ/૨૦૧૮/૨૮/પીડીએસ/૧૦૨૦૧૮/૨૨૧/ક-૧** : રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૧૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતાં, કલમ ૪૦ની પેટા-કલમ (૨)ના ખંડ (છ)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક.જીટીએચ/ ૨૦૧૮/ ૨૨/ પીડીએસ/ ૧૦.૨૦૧૬/૨૨૧/સી-૧ હેઠળ તારીખ:૧૮મી ઓગસ્ટ, ૨૦૧૮ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪-એ-માં, પાના ૯૨-૧-માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અથવા સૂચનો મંગાવ્યા હતાં.

હવે, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં લોકો તરફથી કોઈ વાંધા અથવા સૂચનો મળેલ નથી;

તેથી, હવે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૨૦મા)ની કલમ ૧૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતા, કલમ ૪૦ની પેટા-કલમ (૨)ના ખંડ (છ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, ગુજરાત રાજ્ય અન્ન આયોગ (અધ્યક્ષ, સભ્યો અને સ્ટાફની નિમણૂક માટેની કાર્યરીતિ અને સેવાની શરતો) બાબત (સુધારા) નિયમો, ૨૦૧૮ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય અન્ન આયોગ (અધ્યક્ષ, સભ્યો અને સ્ટાફની નિમણૂક માટેની કાર્યરીતિ અને સેવાની શરતો)બાબત નિયમો, ૨૦૧૭માં, નિયમ ૪માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ખ)માં, " સચિવ" એ શબ્દને બદલે, " નાયબ સચિવ" એ શબ્દ મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**કિશોરકુમાર.એસ.રાણા,**

સરકારના ઉપ સચિવ.

---------------